सत्य मेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૨/૦૬/૨૦૨૬ | | |
| રજીસ્ટર તારીખ | ૦૨/૦૬/૨૦૨૬ | | |
| નિકાલ તારીખ | ૧૬/૦૬/૨૦૨૬ | | |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૧૫ |

**રાજકોટના મહે. એડિશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુકામઃ રાજકોટ.**

ફોજદારી પરચુરણ અરજી નંબરઃ ૧૭૯૦/૨૦૨૬.
આંકઃ ૦૮

**અરજદાર/આરોપી.**

**સુરેશભાઈ ઉર્ફે ગડો ખોડાભાઈ ડાંગર**
ઉ.વ. આ.૪૨, વ્યવસાયઃ વેપાર ,
રહે. ડો. આંબેડકર સોસાયટી–૬,
એસ.ટી વર્કશોપ પાસે, ગોંડલરોડ,
રાજકોટ.

**–// વિરૂધ્ધ //–**

**સામાવાળા.**

**શ્રી સરકાર.**

**બાબત: બી.એન.એસ.એસ. કલમ ૪૮૨ મુજબ આગોતરા જામીન અરજી.**

---

**અરજદાર તરફે :– વિદ્વાન વકિલશ્રી ટી.કે .બસલાણી.**
**સામાવાળા તરફે :– વિદ્વાન એ.પી.પી. શ્રી પી.કે.પટેલ.**

---

## ચુ કા દો –

૧. રાજકોટ શહેર, માલવીયાનગર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબરઃ ૧૧૨૦૮૦૪૫૨૬૦૩૮૧/૨૦૨૬, પ્રોહીબીશન એકટની કલમ– ૬૫(બી),૬૫(સી),૬૫(ડી), ૬૫(ઇ), ૬૫(એફ),૮૧ મુજબના ગુનામાં અરજદાર જયુડીશ્યલ કસ્ટડીમાં છે અને અરજદારે હાલની આ અરજી બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૨ અન્વયે આગોતરા જામીન પર મુક્ત થવા માટે અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

૨. આ અરજી દાખલ થતાં સામાવાળાને નોટીસ કરવામાં આવેલ અને નોટીસ બજતા સામાવાળા/સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી હાજર થયેલા છે તથા તપાસ કરનાર અધિકારીનુ સોગંદનામું રજુ રાખેલ છે.

૩. અરજદાર તરફે વિદ્વાન વકિલશ્રીએ દલીલ કરી જણાવે છે કે, અરજદાર/આરોપી નિર્દોષ છે, કહેવાતો કોઇ ગુન્હો કરેલ નથી. આ કામે મુખ્ય આરોપી નં.૧ ગૌતમભાઇની ઓરડી ભાડે આપેલ છે. અને ત્યાંના કબજામાંથી મુદામાલ પકડાયેલ છે. હાલના આરોપી નંબર–૨ માલીક છે અને માસીક રૂ. ૫૦૦૦/– ભાડુ મેળવે છે. આરોપી નંબર–૧ની રેગ્યુલર જામીન અરજી મંજુર થયેલ છે. વધુમાં કહેવાતા બનાવના દિવસે હાલના અરજદાર રાજકોટ ખાતે ન હતા. તેમ છતા અરજદારને ખોટી રીતેસહઆરોપીના નિવેદનના આધારે ધરપકડ કરવા માંગે છે. અરજદાર વિરૂદ્ધ અન્ય ગુના નોંધાયેલ છે તે તમામ ગુના પુરા થઇ ગયેલ છે. નામદાર ગુજરાત હાઇકોર્ટના ક્રીમીનલ પરચુરણ અરજી નંબર ૨૬૫૧/૨૪ ના ચુકાદા પર આધાર રાખેલ છે. જે ધ્યાને લેતા અરજદારને આગોતરા જામીન પર મુકત કરવા રજુઆત કરેલ છે.

૪. સામાવાળા/સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રીએ એવી રજુઆત

કરેલ છે કે, આ કામના અરજદાર/આરોપી મુખ્ય આરોપી છે. તેમજી તેની માલીકીની ઓરડી છે. અને તે પોતે આ દેશી દારુ બનાવી આર્થીક લાભ મેળવે છે. જેથી અરજદાર/આરોપીની આગોતરા જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

૫. બંને પક્ષકારોને સાંભળ્યા, તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું વંચાણે લીધુ. તપાસ કરનાર અમલદારના સોગંદનામું વંચાણે લેતા તેમા જણાવેલ છે કે, અરજદાર/આરોપી ઓરડી ખાતેથી વગર પાસ પરમીટે દેશી દારુ બનાવવાની ભઠ્ઠી ચાલુ રાખી દેશી દારુ લીટર ૧૨૦ કિ. રૂ. ૨૪,૦૦૦/- તથા બળેલો તથા ઠંડો આથો કુલ લીટર ૬૮૦ કિ. રૂ. ૧૭,૦૦૦/- મળી કુલ રૂ. ૪૩,૮૫૦/- ના મુદામાલ સાથે રેઇડ દરમ્યાન આરોપી ગૌતમભાઇ ખીમજીભાઇ ચાવડા અને આરોપી સુરેશભાઇ (હાલના અરજદારે) એકબીજાની મદદગારી કરી ગુનો કરેલાની ફરીયાદ નોંધાયેલ છે. આ કામે હાલના અરજદાર બનાવ સ્થળે હાજર નથી. તેમજ પોલીસ પેપર્સ વંચાણે લેતા હાલના અરજદાર બનાવ સ્થળના માલીક હોય તેવા કોઇ દસ્તાવેજી પુરાવા નથી. આ સંજોગોમાં કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશનની જરુરીયાત જણાતી નથી.તેમજ પ્રાઇમાફેશી કેસ નથી. જેથી અરજદાર/આરોપીની તરફેણમાં વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવો ન્યાયોચીત જણાય છે. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

-// **હુકમ** //-

૧. અરજદાર/આરોપીની હાલની આગોતરા જામીન અરજી આથી **મંજુર** કરવામાં આવે છે.

૨. અરજદાર/આરોપી **સુરેશભાઇ ઉર્ફે ગડો ખોડાભાઇ ડાંગર** ઉ.વ. આ.૪૨, વ્યવસાયઃ વેપાર , રહે. ડો. આંબેડકર સોસાયટી-૬, એસ.ટી વર્કશોપ પાસે, ગોંડલરોડ, રાજકોટ નાઓને રાજકોટ શહેર,

રાજકોટ શહેર, માલવીયાનગર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબરઃ ૧૧૨૦૮૦૪૫૨૬૦૩૮૧/૨૦૨૬, પ્રોહીબીશન એકટની કલમ-૬૫(બી),૬૫(સી),૬૫(ડી), ૬૫(ઈ), ૬૫(એફ),૮૧ મુજબના ગુનાના કામે અરજદાર/આરોપીએ ધરપકડ કરવાનો પ્રસંગ ઉપસ્થીત થાય તો તેવા સંજોગોમાં અરજદાર/આરોપીએ રૂા.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત-જામીન આપ્યેથી તેઓને નીચેની શરતોને આધિન બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૨ અન્વયે જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો:-**

૧) અરજદાર/આરોપીએ તપાસના કામે સહકાર આપવો તથા તપાસ કરનાર અમલદાર જયારે બોલાવે ત્યારે હાજર રહેવું.

૨) અરજદાર/આરોપીએ ફરીયાદ પક્ષના સાહેદોને સીધી કે આડકતરી રીતે ધાક ધમકી કે લોભ, લાલચ, પ્રલોભન આપી ફોડવાની કોશિશ કરવી કે કરાવવી નહી તથા ફરીયાદ પક્ષના કેસને નુકશાન થાય તેવું કૃત્ય કરવું કે કરાવવું નહી.

૩) અરજદાર/આરોપીએ હુકમથી છ મહિના સુધી દર અંગ્રેજી મહિનાની ૧ થી ૫ તારીખ સુધીમાં સંબંધિત પોલીસ સ્ટેશનમાં હાજરી પુરાવવાની રહેશે.

૪) અરજદાર/આરોપીએ પોતાનું રહેણાંકનુ કાયમી સરનામુ આધારકાર્ડ અથવા ચુંટણીકાર્ડની નકલની વિગતો સાથે પોતાનો મોબાઈલ નંબર સંબંધિત કોર્ટમાં લેખિતમાં પુરસીસથી જાહેર કરવો તથા તેમાં ફેરફાર થયે નવી વિગતો સંબંધિત કોર્ટમાં રજુ કરવાની રહેશે.

૫) અરજદાર જો પાસપોર્ટ ધરાવતા હોય તો તે સંબંધિત કોર્ટમાં સાત દિવસમાં જમા કરાવવો, જો પાસપોર્ટ ધરાવતા ના હોય તો તે અંગેનુ સોગંદનામું રજુ કરવું.

૬) અરજદાર આરોપીએ આ કેસની ટ્રાયલ દરમ્યાન નિયમિત રીતે હાજર રહેવું.

૭) વધુમાં, અરજદાર આરોપીએ તેમની વિરુધ્ધના કેસનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી હકુમત ધરાવતી કોર્ટની પરવાનગી વગર ભારતની બહાર જવુ નહિ.

- હુકમની જાણ કરતી યાદી સંબંધિત કોર્ટ તથા પોલીસ સ્ટેશનને મોકલવી.

હુકમ, આજ તારીખઃ ૧૬મી, માહેઃ જુન, સનેઃ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૬/૦૬/૨૦૨૬
સ્થળઃ રાજકોટ.

**(વિજયસિંહ અભેસિંહ રાણા)**
સ્પે.જજ(પોકસો કોર્ટ) અને
એડી. સેશન્સ જજ,
રાજકોટ.
(UIC NO.GJ 01510)

*//P.B.BHATT//*